**1Special Atro Case No 09/2018**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૯/૨૦૧૮**
**આંક –૪૯**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૯/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડોકટર મનીષકુમાર ગોરધનભાઈ પટેલ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9016918196 |
| ઉંમર આશરે | ૪૦ | વરસની | ધંધો | પ્રાઈવેટ પ્રેકટીસ |
| રહેવાનુ | કલોલ તા.કલોલ | | ડીસ્ટ્રીકટ | ગાંધીનગર |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) તા.૧૨/૦૪/૨૦૧૮ના રોજ સાંજના ૪:૦૦ કલાકે હું તબીબી અધિકારી તરીકે ભીલડી સી.એચ.સી.માં ફરજ ઉપર હાજર હતો. તે દરમિયાન એક ઈસમ નામે પુજાબેન ચેનજીભાઈ માજીરાણા ઉ.વ.આ.૧૯ રહે.સોતમલાવાળાઓ મારી પાસે પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા. તેને પુછતા જણાવેલું કે,''તા.૧૦/૪/૧૮ના રોજ સાંજે પાંચ વાગ્યે ચાર જણાયે લાકડીથી માર મારેલ છે . તેમની જમણી બાજુના હાથ પર દુખાવાની ફરીયાદ હતી.

આ ઉપરની ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને સાદા પ્રકારની હતી. જે કોઈ આડ અસર ના આવે તો બે થી ત્રણ દિવસમાં સાજી થઈ જાય તેવી હતી. જે મુજબનું સર્ટીફીકેટ આપેલ છે.

મને માર્ક:૮/૧૦વાળુ એમ.એલ.સી. નં.૭૬/૨૦૧૮વાળું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરમાં છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૫૦</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ લીગલ એઈડ વિ.વ. શ્રી આર.એ.દવે.</u>**

(૨) એ વાત ખરી છે કે ઈજાપામનાર મારી પાસે સારવાર માટે બારમી તારીખે આવેલા. એ વાત ખરી છે કે ઈજા દશમી તારીખની હતી. એ વાત ખરી

સાહેદની સહી............................

છે કે આ ઈજા બોથડ પદાર્થ સાથે અથડાઈએ તો થઈ શકે. એ વાત ખરી છે કે ઈજાપામનારે કોઈ નામ જોગ હીસ્ટ્રી આપેલ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેર તપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૭/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................